**1Special Atro Case No 23/2024**

**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૨૩/ ૨૦૨૪**

**આંક –૩૨**

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૨૩/ ૨૦૨૪ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૨ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | બાબુભાઈ રૂપાભાઈ પરમાર (અનુસુચિત જાતી) | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નં બર | 9727028599 |
| ઉંમર આશરે | ૩૬ | વરસની | ધંધો | શિક્ષક |
| રહેવાનુ | શ્રીનાથ સોસાયટી ધાનેરા તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) હાલમાં હું ધાનેરાના તાલુકાના સામરવાડા ગામમાં આનંદપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવુ છું.

(૨) બનાવ તા.૦૨/૦૭/૨૪ના રોજ પોલીસે અમને સાંજના ચાર વાગ્યા આસપાસ સુમારે ધાનેરા મુકામે શ્રીનાથ સોસાયટીમાં પંચમાં બોલાવેલા. તે જગ્યાએ ડી.વાય.એસ.પી. સાહેબ ફરીયાદી સુરેશભાઈ ભીખાભાઈ તીતગર તથા બીજા પંચ આયુષીબેન નિતેશકુમાર વોરા હાજર હતા. સદર જગ્યાએ પહોંચ્યા તે સમયે ડી.વાય.એસ.પી.સાહેબે જણાવેલુ કે આ જગ્યાનું પંચનામુ કરવાનુ છે તેવુ જણાવતા અમો પંચોએ પંચમાં રહેવા સ્વખુશી બતાવેલી. ત્યારબાદ ત્યાં ફરીયાદી સુરેશભાઈએ બનાવવાળી જગ્યા બતાવેલી. જે જગ્યા જોતા મોજે ધાનેરા મુકામે ડીસા ધાનેરા હાઈવેથી અંદર

સાહેદની સહી............................

શ્રીનાથ સોસાયટીમાં આવવા જવા માટે પૂર્વ–પશ્ચિમ દિશા તરફમાં આર.સી.સી. રોડ બનાવેલ. તે રોડ ઉપર આગળ જોતા આશરે પંદરથી વીસ મીટરના અંતરે બે જમ્પ વચ્ચે તોડેલ જણાઈ આવેલા અને તે તોડેલ ભાગ આજુબાજુ જમા કરેલો. તે વખતે જે તોડેલો ભાગ પડેલ હતો. તે જગ્યાએ વાહનો અને માણસોની અવર–જવર ચાલુ હતી. સદર જગ્યા લોડરથી તોડેલ હતી. સદર ચતુર્થ સીમા જોતા પૂર્વ દિશાએ ખુલ્લો આર.સી.સી.રોડ તથા રહેણાકના મકાનો આવેલા હતા અને ઉતર દિશાએ સોસાયટીનો ખુલ્લો ભાગ અને રહેણાંકના મકાનો આવેલા હતા અને દક્ષિણ દિશાએ ઈલેકટ્રીક થાંભલો છોડી સોસાયટીનો ખુલ્લો ભાગ છોડી રહેણાંકના મકાનો આવેલા હતા. સદર પંચનામુ પોલીસે અમારા લખાવ્યા મુજબનું લખેલુ ત્યારબાદ અમે વાંચીને તેમાં મે તથા બીજા પંચે સહી કરેલી.

મને માર્ક:૧૦/૧૦વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે આયુષીબેન નિતેશકુમાર વોરાની સહી છે, જે હું ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **આંક:૩૩** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**આરોપીનં.૧,૬ તર્ફે વિ.વ.શ્રી.વી.એ.ઘાસુરા અને પ્રોક્ષી આરોપીનં.૪,૫ તર્ફે વિ.વ.શ્રી.વી.એ.ઘાસુરા..**

(૩) એ વાત ખરી છે કે અમે પણ શ્રીનાથ સોસાયટીમાં રહીએ છીએ. તા.ર/૭/ર૪ના રોજ હું ધાનેરા ખાતે હતો. તે દિવસે મે રજા રાખી હતી. મારુ નોકરીનું સ્થળ આનંદપુરા પ્રાથમિકશાળા છે અને તે ધાનેરાથી એક થી દોઢ કિ.મી.ના અંતરે આવેલ છે. પંચમાં રહેવા માટે અમને પોલીસે મૌખિક જાણ કરેલી. ફરીયાદી અમારે કોઈ સગા થતા નથી. ફરીયાદી મારા ઘરથી ૩૫–૪૦

મીટરના અંતરે રહે છે. એ વાત ખરી નથી કે તૈયાર પંચનમામાં પોલીસે અમને સહી કરવાનુ કહેતા મે ફકત સહી કરેલી. એ વાત ખરી નથી કે તે દિવસે હું નોકરી સ્થળ પર હાજર હતો પોલીસ સ્ટેશનમાં જઈને સહી કરવાનું કહેતા પાછળથી અમો પોલીસ સ્ટેશનમાં જઈ સહી કરેલી છે. એ વાત ખરી નથી કે કહેવાતા પંચનામાના દિવસે કોઈ નોકરી ઉપર રજા રાખેલ ન હોવા છતાં આજરોજ નામ.કોર્ટમાં સોગંધ ઉપર ખોટી હકીકત જણાવુ છું. એ વાત ખરી નથી કે પંચનામા વિશે કોઈ જાણકારી ન હોવા છતાં નામ.કોર્ટમાં આજરોજ ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે અમો અને ફરીયાદી એક જ સમાજના હોય તેમના સમર્થનમાં ખોટી જુબાની આપું છું.

**<u>આરોપીનં.૨ તર્ફે વિ.વ.શ્રી ડી.એચ.ત્રિવેદી</u>**

(૪) ઉપર મુજબની ઉ×ત એડોપ્ટ કરેલ છે.

**<u>આરોપીનં.૩ તર્ફે વિ.વ.શ્રી એમ.પી.પરમાર</u>**

(૫)ઉપર મુજબની ઉ×ત એડોપ્ટ કરેલ છે.

**ફેર ઉલટતપાસ નથી..**
**વિષેશ ઉલટતપાસ નથી..**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૦/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી.............................